# ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશન(મજુર મહાજન)

રજી.નં. જી–૩૨૧

# ગુજરાત રાજય એસ.ટી.કર્મચારી મહામંડળ (ઈન્ટુક)

રજી.નં. જી–૧૦૨૧

# ગુજરાત એસ.ટી. મઝદૂર મહાસંઘ (B.M.S.)

રજી.નં. જી–૫૪૬૯

કાર્યાલયઃ– ડી–બ્લોક, બીજો માળ, એસ.ટી.બસપોર્ટ, ગીતામંદિર રોડ, આસ્ટોડીયા, અમદાવાદ–૩૮૦૦૨૨


---

પત્રનં. સંકલન સમિતિ/ ૧૪ /૨૦૨૩ તારીખઃ–૦૪–૧૦–૨૦૨૩

પ્રતિ,
**માન.શ્રી ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક સાહેબ,**
ગુ. રા. મા. વા. વ્ય. નિગમ,
મધ્યસ્થ કચેરી, રાણીપ, અમદાવાદ.

**વિષયઃ– એસ.ટી.નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં આંદોલન કરવા બાબત.**

સંદર્ભઃ– સંકલન સમિતિના ૧) પત્રનં.રૂબરૂ, તા.૨–૬–૨૦૨૩,
,, ૨) પત્રનં.રૂબરૂ, તા.૨૨–૮–૨૦૨૩,
,, ૩) પત્રનં.૯, તા.૧૩–૯–૨૦૨૩ના પત્રો અન્વયે.

આદરણીય સાહેબશ્રી,

જય ભારત સાથે ઉપરોકત વિષયે વિનંતી સહ જણાવવાનું કે, આ સાથે નીચે દર્શાવેલ એસ.ટી.નિગમના કર્મચારીઓના લાંબા સમયના પડતર પ્રશ્નો કે જે રાજય સરકારશ્રીની જરૂરી મંજુરી અર્થે દરખાસ્ત થયેલ છે, અને તે બાબતે સરકારશ્રી તેમજ નિગમ સમક્ષ વારંવાર લેખિત–મૌખિક રજુઆતો સંદર્ભીતપત્રો ધ્વારા કરવા છતાં આજદિન સુધી આ પ્રશ્નોનું નિરાકરણ આવેલ નથી, જેના કારણે કર્મચારીઓમાં નારાજગી વ્યાપેલ હોવાનું અને ભવિષ્યમાં ગમે ત્યારે સ્વયંભૂ રીતે નિગમની ઔદ્યોગીક શાંતિ જોખમાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામે તેમ હોવાનું અને આવી કોઈ પરિસ્થિતિનું નિર્માણ થવા પામે તો તેની સઘળી જવાબદારી નિગમ/વહીવટની રહેશે, અને તા.૩૦–૯–૨૦૨૩ સુધીમાં નીચે દર્શાવેલ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ આવે તે માટે ઘટતી કાર્યવાહીના આદેશ થવા વિનંતી કરવામાં આવેલ, પરંતુ આ સાથે નીચે દર્શાવેલ પ્રશ્નોનું આજદિન સુધી નિરાકરણ આવેલ નથી.

૧) જુલાઈ–૨૦૨૧ની વધેલ ૩% મોંઘવારીની અસર જાન્યુઆરી–૨૩ પેઈડ ઈન ફેબ્રુઆરી–૨૩ના પગારમાં નિગમ ધ્વારા ચુકવી આપવામાં આવેલ છે, તાજેતરમાં સરકારશ્રીની મંજુરીથી સદર ૧૯–માસના ચડત એરિયર્સની રકમ ચુકવવા આદેશ થયેલ છે, પરંતુ અગાઉ તા.૨૦–૯–૨૦૨૨ ના રોજ ચડત મોંઘવારી ભથ્થાની ૧૧% ની અસર અને ચડત એરિયર્સ બાબતે થયેલ સમાધાનમાં એરિયર્સની રકમના ૩–હપ્તા કરવામાં આવેલ જે પૈકી એક હપ્તાની રકમ બરાબર આ ૩%ના એરિયર્સની કુલ રકમ થવા પામે છે. જેથી આવનાર દિવાળીના તહેવારમાં પ્રથમ હપ્તા તરીકે મળનાર રકમ ખુબ જ ઓછી હોવાથી તહેવાર સારી રીતે ઉજવી શકે તેમ ન હોય અને આ હપ્તાની રકમ કર્મચારીઓની મશ્કરી સમાન ગણાતી હોય ત્રણ હપ્તાને બદલે એક જ હપ્તે એરિયર્સની રકમ ચુકવી આપવા અમારી વિનંતી છે.

૨) કેન્દ્ર સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ અને રાજય સરકારશ્રી ધ્વારા પણ ચુકવી આપેલ જાન્યુઆરી–૨૦૨૨ની ૩%, જુલાઈ–૨૦૨૨ ની ૪%, જાન્યુઆરી–૨૦૨૩ ની ૪% એમ **કુલ–૧૧% મોંઘવારી ભથ્થાની** અસર પૈકી તાજેતરમાં સરકારશ્રીની મંજુરીથી ૭% મોંઘવારી ભથ્થાની અસર સપ્ટેમ્બર–૨૦૨૩ પેઈડ ઈન ઓકટોબર–૨૦૨૩ના પગારમાં ચુકવી આપવામાં આવેલ છે, પરંતુ અમારા ધ્વારા કરેલ માંગણી પૈકી જાન્યુ–૨૦૨૩ની ૪% મોંઘવારી ભથ્થું કે જે રાજયના દરેક બોર્ડ–નિગમમાં ચુકવી દેવાયેલ છે તે એસ.ટી.નિગમના કર્મચારીઓને ચુકવવાની મંજુરી આપવામાં આવેલ નથી. જેથી જાન્યુ–૨૦૨૩ની ૪% મોંઘવારી ભથ્થાની અસર તેમજ કુલ ૧૧% મોંઘવારી ભથ્થાના ચડત એરિયર્સની રકમ દિવાળીના તહેવાર પહેલા ચુકવી આપવા અમારી વિનંતી છે.

૩) ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:વલભ–૧૦૨૦૨૨–૧૩૦૧–ચ, તા.૧૨–૧૦–૨૦૨૨ તેમજ ઠરાવ ક્રમાંક પગર/૧૦૨૦૨૨/ઓ/૩૬૦(૨)/પગારએકમ(ચ), તા.૧૨–૧૦–૨૦૨૨ અનુસાર રાજયના શહેરોના વર્ગીકરણ મુજબ શહેરો/નગરોને છઠ્ઠા પગારપંચના ૧૦%, ૨૦% અને ૩૦% મુજબ ઘરભાડા ભથ્થું અને સી.એલ.એ. ચુકવાતું હતું તે સુધારેલ અને હાલના પગારધોરણ મુજબ અનુક્રમે ૮%, ૧૬% અને ૨૪% મુજબ ચુકવવા ઠરાવ થયેલ છે. આ ઠરાવ અનુસાર રાજયની મહાનગર પાલિકા ખાતે નવીન પગારધોરણ મુજબ સુધારેલ દરે HRA/CLA નો લાભ આપવામાં આવેલ છે. તેમજ રાજયના જુદા જુદા બોર્ડ–નિગમો જેવા કે, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ ધ્વારા તેમના પત્ર ક્રમાંક:જીયુવીએનએલ/એચઆર/આઈઆર/૧૮૯૦, તા.૨–૧૧–૨૦૨૨ તેમજ ગુજરાત મેરીટાઈમ બોર્ડ ધ્વારા તેમના પત્ર ક્રમાંક:ગુમકેબો/હિ/પગાર/પરિપત્ર/ધ.ભ./૨૦૨૨/૬૩૯૨, તા.૧૩–૧૨–૨૨ તેમજ ગુજરાત ખનિજ વિકાસ નિગમ ધ્વારા તેમના પત્ર ક્રમાંક:જીએમડીસી/ એચઆર/૫૧૮૯/ ૨૦૨૨–૨૩, તા.૧૬–૧૧–૨૦૨૨ અને પત્રનં.જીએમડીસી/એચઆર/૫૨૧૪/૨૦૨૨–૨૩, તા.૧૯–૧૧–૨૦૨૨ થી તેમના કર્મચારીઓને સરકારશ્રીના ઉપરોકત ઠરાવ મુજબ HRA/CLA નો લાભ આપવામાં આવેલ છે. જેથી એસ.ટી.નિગમના કર્મચારીઓને પણ સરકારશ્રીના ઉપરોકત ઠરાવ અનુસાર **HRA/CLA નો લાભ ૮%, ૧૬% અને ૨૪% ના સુધારેલ દરે ચુકવી** આપવા અમારી વિનંતી છે.

૪) નિગમના ફિકસ પગારના કર્મચારીઓને રાજય સરકારશ્રીના ધારાધોરણ મુજબ **રૂ.૧૯૯૫૦/–નો લાભ** આપેલ નથી, જે પાછલી અસર સાથે ચુકવી આપવા અમારી વિનંતી છે.

૫) તાજેતરમાં નિગમમાં ફરજ બજાવતાં ડ્રાયવર, કંડકટરના ગ્રેડ–પેમાં થયેલ સુધારા સંદર્ભે સીનીયર જુનિયર કર્મચારીઓના પગાર બાબતે રહેલ વિસંગત્તા દુર કરવા વિનંતી છે.

૬) સરકારશ્રી ધ્વારા ફિકસ પગારની પોલીસીમાં સુધારો કરી ૫–વર્ષના ફિકસ પગારના પિરિયડને બદલે ૩–વર્ષનો ફિ.પગારનો પિરિયડ કરવામાં આવેલ છે તેનો અમલ નિગમમાં કરવા અમારી વિનંતી છે.

૭) નિગમના ડેપોખાતે ફરજ બજાવતાં ટ્રાફિક સુપરવાઈઝરી સ્ટાફ તથા ડેપો વર્કશોપખાતે ફરજ બજાવતાં મીકેનીક સુપરવાઈઝરી સ્ટાફના કર્મચારીઓને જાહેર રજાનો લાભ આપવામાં આવતો નથી ફકત વાર્ષિક ૯–પીએચ આપવામાં આવે છે, જયારે વાર્ષિક હકક રજા પણ ૪૦ને બદલે ૩૩/૩૪ આપવામાં આવે છે. આવી પરિસ્થિતિ નિગમના કેટલાક વિભાગોખાતે છે જયારે કેટલાક વિભાગોખાતે રજા / હકક રજાનો લાભ આપવામાં આવે છે. આમ વિભાગો વચ્ચે આ બાબતે રહેલી વિસંગત્તા દુર કરવા અમારી વિનંતી છે.

૮) એસ.ટી.નિગમમાં અવસાન પામેલ કર્મચારીઓના **આશ્રિતોને** રાજય સરકારશ્રીના ઠરાવક્રમાંક: રહમ/૧૦૨૦૦૯–૧૬૫૧–ક, તા.૭–૪–૨૦૧૬ થી તા.૧–૪–૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગઅ૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓના આશ્રિતને ઉચ્ચક નાણાંકિય સહાયની રકમ રૂ.૮–લાખ કરવામાં આવેલ ત્યારબાદ ઠરાવ ક્રમાંક:રહમ–૧૦૨૦૦૯–૧૬૫૧–ક, તા.૨૪–૯–૨૦૨૨ થી તા.૨૪–૯–૨૦૨૨ કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં સવર્ગસ્થના આશ્રિતને રૂ.૧૪–લાખની ઉચ્ચક આર્થિક સહાયનો લાભ આપવા ઠરાવવામાં આવેલ છે તે મુજબ એસ.ટી.નિગમના આશ્રિતોને સરકારશ્રીના ઉપરોકત ઠરાવ મુજબ નાણાંકિય સહાયનો લાભ આપવામાં આવેલ નથી. તો ઉપરોકત ઠરાવ મુજબ એસ.ટી.નિગમના આશ્રિતોને લાભ ચુકવી આપવા અમારી વિનંતી છે.

૯) નિગમમાં સને–૨૦૧૧ પહેલાના બાકી રહી ગયેલ **આશ્રિતો** કે જેઓએ નાણાંકિય લાભ મેળવેલ નથી તેવા આશ્રિતોને લાયકાતના આધારે **નિગમમાં ખાલી પડેલ જગ્યા ઉપર નિમણૂંક આપવા** અમારી વિનંતી છે.

૧૦) વર્ગ–૪ **પાર્ટટાઈમ કર્મચારીઓને સને–૨૦૨૨ના વર્ષના. બોનસનો લાભ** આપવામાં આવેલ નથી તો તે ચડત બોનસનો લાભ ચુકવી આપવા અમારી વિનંતી છે.

૧૧) નિગમમાં વર્ષોથી ફરજ બજાવતાં પાર્ટટાઈમ કર્મચારીઓના કામના કલાકોમાં વધારો કરી કાયમી કરવા અથવા તો રાજય સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ લઘુત્તમ વેતનનો લાભ આપવા અમારી વિનંતી છે.

૧૨) સરકારશ્રી ધ્વારા જાહેર કર્યા મુજબ નિગમમાં ડ્રાયવર, કંડકટર, મીકેનીક, કલાર્ક તેમજ વહીવટી સ્ટાફની ઘટ સામે સીધી ભરતી યોજી ખાલી જગ્યા ભરવા અમારી વિનંતી હતી જે પૈકી ડ્રાયવર અને કંડકટર માટે ભરતી પ્રક્રિયા શરૂ થઈ ગયેલ છે, હવે બાકી રહેતી મીકેનીક, કલાર્ક તેમજ વહીવટી કક્ષાની સીધી ભરતી સત્વરે યોજાય તેવી અમારી વિનંતી છે.

૧૩) નિગમના કર્મચારીઓને ૭માં પગારપંચ મુજબ સુધારેલ દરે પગાર ચુકવવામાં આવે છે, પરંતુ તેના આનુસાંગીક મળતો ઓ.ટી. જુના દરે ચુકવવામાં આવે છે, જેથી સેટલમેન્ટની જોગવાઈ મુજબ સુધારેલ દરે ઓ.ટી. ચુકવવા અમારી વિનંતી છે.

૧૪) ફેટલ/ગંભીર અકસ્માત સબબ ડ્રાયવર કર્મચારીના ડ્રાયવીંગ લાયસન્સ આરટીઓ ધ્વારા ૬–માસ માટે જપ્ત કરવામાં આવે છે, સદર સમય દરમ્યાન કર્મચારીનો પગાર અટકે નહીં અને તે પોતાના પરિવારનું જીવન–નિર્વાહ કરી શકે તે માટે નિગમ ધ્વારા કાયમી ડ્રાયવર કર્મચારીઓ પાસેથી અન્ય ફરજ લઈ હાજરી પુરી પગાર ચુકવવામાં આવે છે, તે મુજબનો લાભ નિગમના ફિકસ ડ્રાયવર કક્ષાના કર્મચારીઓને પણ મળે તેવી અમારી વિનંતી છે.

૧૫) કોરોના કાળ દરમ્યાન ભારત સરકાર ધ્વારા મોંઘવારી જાહેર કરવામાં આવેલ નહીં અને સને–૨૦૨૧માં ભારત સરકારશ્રી ધ્વારા ૧૧% મોંઘવારી જાહેર કરવામાં આવેલ જેની અસર નિગમના કર્મચારીઓને મળવા પામેલ છે. પરંતુ સદર સમયગાળા દરમ્યાન જે કર્મચારીઓ નિવૃત થવા પામેલ તે કર્મચારીઓને સદર મોંઘવારીની અસર ન મળવાથી ભારત સરકાર ધ્વારા તાજેતરમાં કરવામાં આવેલ સુચના મુજબ ૧૧% મોંઘવારીનું અલગ–અલગ ટકાવારી અનુસાર જાહેર કરવામાં આવેલ. જેનું એરિયર્સ સરકારશ્રી ધ્વારા ફ્રિજ કરવામાં આવેલ. પરંતુ નિવૃત થયેલ કર્મચારીઓને તેનો લાભ આપવામાં આવેલ જેની અસર તેઓને મળતાં નિવૃતિ સમયના રજા પગાર અને ગ્રેજયુટીને અસર કરે છે. જે અનુસાર નિગમના જે તે સમયમાં નિવૃત થયેલ કર્મચારીઓને પણ લાભ મળી રહે તે મુજબની જોગવાઈ/આદેશ થવા વિનંતી છે.

૧૬) પરિપત્ર–૨૦૭૭ અને ૨૧૭૮ ની સુચનાઓ રદ કરી નિગમના શિસ્ત અને દાદના નિયમાનુસાર કાર્યવાહી થવા અમારી વિનંતી છે.

૧૭) તા.૨૦–૯–૨૦૨૨ના રોજ માન. વાહનવ્યવહારમંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલ મીટીંગમાં પાર્ટ–૨ની માંગણીઓ બાબતે ચર્ચા કરી નિરાકરણ લાવવા સમાધાન થયેલ, પરંતુ નિગમ ધ્વારા આજદિન સુધી આ બાબતની કોઈ ચર્ચા યોજેલ નથી, જેના કારણે ડ્રાયવર, કંડકટરને સીધી અસર કરતાં નાઈટ એલાઉન્સ બાબતે વિસંગત્તા હોવાને કારણે કર્મચારીઓને આર્થિક નુકસાન થઈ રહેલ છે તો ત્વરીત ચર્ચા કરી પાર્ટ–૨ના મુદ્દાઓનું નિરાકરણ લાવવા અમારી વિનંતી છે.

૧૮) નિગમ પાસે બોડી–બિલ્ડીંગ માટે એશિયાખંડનું મોટામાં મોટું વર્કશોપ આવેલ છે અને અગાઉ આજ વર્કશોપમાં નિગમની બસો માટે બોડી–બિલ્ડીંગનું કામ થતું હતું, પરંતુ તાજેતરમાં નિગમ ધ્વારા રેડીબીલ્ડ વાહનો ખરીદવાની કાર્યવાહી હાથ ધરેલ છે તેના બદલે મ.યંત્રાલય, નરોડાખાતે જ નિગમની બસોનું મહત્તમ બોડી–બિલ્ડીંગની કામગીરી થાય તેવી અમારી વિનંતી છે.

૧૯) ભારત સરકારશ્રી ધ્વારા વખતો વખત સુધારેલ દરે પ્રસિધ્ધ થતી મોંઘવારી ભથ્થાની રકમ રાજય સરકારશ્રી ધ્વારા ચુકવણાં અંગે કરવામાં આવતી સુચના બાદ રાજયના તમામ સરકારી કર્મચારીઓ અને બોર્ડ–નિગમોને મળવા પામે છે. એસ.ટી.નિગમમાં પણ નિગમના માન્ય સંગઠનો અને મેનેજમેન્ટ વચ્ચે થયેલ લેબર સેટલમેન્ટમાં પણ રાજય સરકારશ્રી ધ્વારા વખતો વખત પ્રસિધ્ધ થયેલ મોંઘવારી ભથ્થાની અસર / એરિયર્સ તુરત જ એસ.ટી.નિગમના કર્મચારીઓને ચુકવી આપવા સમાધાન થયેલ અને આ બાબતે નામદાર અદાલત ધ્વારા એવોર્ડ પણ થવા પામેલ છે. આજ રીતે એસ.ટી.નિગમમાં મોંઘવારી ભથ્થાની અસર તેમજ એરિયર્સ અગાઉ ચુકવવામાં આવતું હતું પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી આ સમાધાન / નામદાર અદાલતના એવોર્ડની અમલવારી થતી નથી જે દુઃખદ બાબત છે. જેથી હવે પછી જયારે જયારે સરકારશ્રી ધ્વારા મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો કરવામાં આવે કે તુરત જ નિગમમાં અમલવારી માટે નિગમના ઉપા. અને વહી. સંચાલકશ્રીને સત્તા આપવા અમારી વિનંતી છે.

ઉપરોક્ત પડતર માંગણી/મુદ્દાઓ અંગે વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતાં કોઈ જ હકારાત્મક નિર્ણય ન લેવાતા નિગમના તમામ કક્ષાના કર્મચારીઓમાં ખુબ જ આક્રોશની લાગણી વ્યાપેલ છે. જેથી ઉપર દર્શાવેલ પડતર પ્રશ્નોનો તા.૧૯–૧૦–૨૦૨૩ સુધીમાં નિરાકરણ નહીં આવે તો ત્યારબાદ ના છુટકે એસ.ટી.નિગમના કર્મચારીઓ આગામી દિવસોમાં આ સાથે નીચે દર્શાવ્યા મુજબ ગાંધી ચિન્ધ્યા માર્ગે તબકકાવાર સ્વયંભૂ આંદોલન કરશે, જેનાથી ઉભી થનાર પરિસ્થિતિ અને પરિણામની સંપુર્ણ જવાબદારી નિગમની રહેશે, જેની નમ્ર નોંધ લેવા વિનંતી છે.

## ::– આંદોલન કાર્યક્રમ –::

- તા.૨૦–૧૦–૨૦૨૩ થી માંગણીઓ સંતોષાય ન ત્યાં સુધી નિગમના તમામ કર્મચારીઓ કાળીપટ્ટી પહેરી પોતાની ફરજો બજાવી વિરોધ નોંધાવશે.
- તા.૨૦–૧૦–૨૦૨૩ ના રોજ નિગમના દરેક વિભાગ / ડેપોખાતે પડતર માંગણીઓ બાબતે વિભાગીય નિયામકશ્રી / ડેપો મેનેજરશ્રી મારફત નિગમના વડાશ્રીને આવેદનપત્ર પાઠવશે.
- તા.૨૧/૨૨–૧૦–૨૦૨૨ના (દિવસ–૨) રોજ નિગમના તમામ કર્મચારીઓ રાજયના માન.મુખ્યમંત્રીશ્રી તથા માન.વાહનવ્યવહારમંત્રીશ્રી તેમજ નિગમના વડાશ્રીને ટેક્ષ મેસેજ, ટવીટર, સ્ટેટસ (સોશીયલ મીડીયા) મારફત પડતર માંગણીઓ રજુ કરશે.
- તા.૨૫/૨૬/૨૭–૧૦–૨૦૨૩ (દિવસ–૩) નિગમના તમામ કર્મચારીઓ રીશેષ સમય દરમ્યાન પોતાના ફરજના સ્થળે એટલે કે મ.કચેરી/મ.યંત્રાલય/વિ.કચેરીઓ/વિ.વર્કશોપ/ડેપો ખાતે નિગમની પ્રિમાઈસીસની બહાર રહી સુત્રોચ્ચાર અને ઘંટનાદ કરી વિરોધ નોંધાવશે.
- તા.૨૮/૨૯/૩૦/૩૧–૧૦–૨૦૨૩ (દિવસ–૪) નિગમના તમામ કર્મચારીઓ કાળી પટ્ટી / કાળા વસ્ત્રો પહેરી પોતાની ફરજો બજાવશે.
- તા.૦૨–૧૧–૨૦૨૩ની મધ્યરાત્રીના ૦૦–૦૦ કલાકથી એટલે કે તા.૦૩–૧૧–૨૦૨૩ના રોજથી નિગમના તમામ કર્મચારીઓ પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી સ્વયંભૂ માસ સી.એલ. ઉપર ઉતરશે.

એસ.ટી.નિગમના કર્મચારીઓના વિશાળ હિતમાં ન્યાયપુર્ણ સહકારની આશા સહ.

આપના વિશ્વાસુ,

| | | |
|---|---|---|
| પ્રમુખ / જનરલ સેક્રેટરી<br>ગુજરાત સ્ટેટ ટ્રાન્સ.વર્કર્સ ફેડરેશન | પ્રમુખ / જનરલ સેક્રેટરી<br>ગુજરાત એસ.ટી.કર્મચારી મહામંડળ | પ્રમુખ / જનરલ સેક્રેટરી<br>ગુજરાત એસ.ટી.મઝદૂર મહાસંઘ |

નકલ સ. રવાના:–

૧) માન.શ્રી કાર્યપાલક સંચાલક સાહેબ (જાગૃતિ), ૨) માન.શ્રી જનરલ મેનેજર(એ)(ઓ) સાહેબ, ૩) માન. મુખ્ય મહેકમ અધિકારી સાહેબ, ૪) માન. મુખ્ય કામદાર અધિકારી સાહેબ, ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, મ.કચેરી, રાણીપ, અમદાવાદની જાણ તેમજ ઘટતી કાર્યવાહી થવા વિનંતી.
૫) માન.શ્રી મુખ્ય શ્રમ આયુકત સાહેબ, ૧૧, ૧૨, ૧૪, બીજો માળ, ઉદ્યોગભવન, સેકટર–૧૧, ગાંધીનગરની જાણ તેમજ ઘટતુ થવા વિનંતી સહ, ૬) માન.શ્રી મદદનીશ શ્રમ આયુકત સાહેબ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદની જાણ તેમજ ઘટતુ થવા વિનંતી.